# પુરાણનો ઉદભવ,વિકાસ અને ગરુડપુરાણમાં ધાર્મિક ક્રિયાઓ

ડૉ.અશોકકુમાર એલ. પટેલ
(અધ્યક્ષ- સંસ્કૃત-વિભાગ)
અખંડ આનંદ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, વેડ રોડ, સૂરત

ભારતીય સંસ્કૃતિમાં 'મહાપુરાણો', 'ઉપપુરાણો' અને 'પુરાણ'ના નામ જાણીતા છે.જેમાં મહાપુરાણો કુલ અઢાર છે.જેમાં પશ્ચાત્કાલીન અર્વાચીન સામગ્રી ભરી પડી છે. જે બહુજન સમાજનું સાહિત્ય છે.વેદકાળથી જ ભારતીય વિશિષ્ટ વિદ્વાનોએ પોતાના ગ્રંથમાં ઘણા આદર સાથે પુરાણોનો ઉલ્લેખ કર્યો છે એવા પુરાણોમાં 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ જોઇશું.

## 'પુરાણ' શબ્દની વ્યુત્પત્તિ

'પુરાણ' શબ્દનો સામાન્ય રીતે અર્થ જોઇએ તો 'પુરાણું' એવો થાય છે.અર્થાત પ્રાચીન તો વળી ક્યાંક **'पुराण'** શબ્દ પ્રાચીનના પર્યાય તરીકે સમગ્ર સાહિત્યમાં પ્રાપ્ત થયો.પ્રાચીન તત્ત્વને નવીન રીતે પુનરાખ્યાન કરવું તે 'પુરાણ' છે. તેથી જ નિરુક્તકારે કહ્યું છે : **'पुरा नवं भवति ।** '(૩-૪-૧૯) અર્થાત વેદોમાં રહેલ નિગૂઢ,પ્રાચીન તત્ત્વને નવીન રીતે પુનરાખ્યાન કરવું તે **'पुराण'** છે. બીજી રીતે કહીએ તો ' જે પ્રાચીન હોવા છતા નવીન છે તે.'

**'पुरा'** શબ્દને **'अम'** પ્રત્યય લાગતા **'पुराण'** શબ્દની નિષ્પત્તિ થાય છે. **'पुराण'** શબ્દ **पुरा** + **नी** + **उ** પ્રત્યય લાગતા નિષ્પન્ન થયો છે.આમ વાયુ પુરાણમાં પણ કહ્યું છે : **यस्मात्पुरा ह्यनीतीदं पुराणं तेन हि स्मृतम् ।** (વા.પુ. ૧/૨૦૩) અર્થાત જે પ્રાચીન કાળમાં જે શ્વસતું હતું એટલે કે જીવંત હતું તે પુરાણ છે. તો વળી પદ્મપુરાણમાં કહેવાયું છે- **पुरां परंपरावष्टि पुराणं तेन हि स्मृतम् ।** ( પદ્મપુરાણ- ૬-૨-૬૩) અર્થાત ' જે પુરાતન પરંપરાઓને બતાવે છે તે પુરાણ' એટલે કે પરંપરાઓની કામના કરે છે, તે પુરાણ કહેવાય છે.

**'पुराणमाख्यानम्'** શબ્દ માટે કહેવાયું છે–" **पुराणामितिवृतमा ख्यादिकोदाहरणं धर्मशास्त्रमर्थशास्त्रं चेति इतिहासः । पुरा अतीतान् अर्थान् कथयति ।** " અર્થાત પ્રાચીન અર્થને રજૂ કરનાર પહેલાં થયું,પહેલાનું હોવા છતાં ત નવું છે. આમ આ **'पुराण'** શબ્દ છે ક ઋગ્વેદમાં જોવા મળે છે. ત્યાં તે વિશેષણ તરીકે વપરાયો છે, તેનો અર્થ 'પ્રાચીન' એવો થાય છે. (ઋગ્વેદ-**३-५४-१**) વિચારશીલ વ્યક્તિ તો શબ્દ માત્રથી જ પુરાણને 'પ્રાચીન' સમજે છે. આમ સમગ્ર સંસ્કૃત સાહિત્યમાં બધા જ ગ્રંથકારો સર્વ સામાન્ય 'પ્રાચીન' અર્થને જ માન્યો છે જેમાં બે મત નથી.

**પુરાણનો ઉદભવ અને વિકાસ**

પુરાણો ભારતીય સંસ્કૃતિનો મેરુદંડ છે. તે એક એવી આધારપીઠ છે કે જેના પર ભારતીય સમાજનું નિર્માણ થયું છે.જે ઐતિહાસિક દષ્ટિએ તો પુરાણ મનનીય અને માનવીય રહયું છે. આમ તો ભારતીય ધર્મનો મુખ્ય આધાર વેદ મનાય છે.પરંતુ મનુષ્યો માટે તે સમજવો દુષ્કર બન્યો છે ત્યારે પુરાણે ધર્મ તથા દર્શનના સિદ્ધાંતોને હૃદયગમ બનાવવા માટે તેમજ જન હૃદય સુધી પહોંચાડવા માટે સરળ શલી વડે વ્યાવહારિક અને ઉપદેશક તરીકે પુરાણો સ્વીકાર પામ્યા છે.તેથી જ કહેવાયું છે કે- વેદ અને પુરાણ ભારતીય સંસ્કૃતિના સંરક્ષક-સહોદર પ્રહરી છે.

વેદ બ્રાહ્મણ અને ઉપનિષદોમાં પુરાણનો ઉલ્લેખ કેવી રીતે થયો છે તે પુરાણના ઉદભવ અને વિકાસનો મહત્વનો મુદદા જણાય છે. આ દરેક પુરાણોનો એક મુખ્ય વક્તા છે અને તેણે આ પરંપરા ભગવાન વ્યાસજી પાસેથી પ્રાપ્ત કરી છે અને વ્યાસજીને તે બ્રહ્મા પાસેથી પ્રાપ્ત થઇ છે આ પુરાણોનું કેટલુંક નિરૂપણ સંવાદોના રૂપમાં થયેલું છે તેમાં કથાઓ,આખ્યાનો વગેરે દ્વારા તેના મત કે સિદ્ધાન્તોનું સમર્થન કરવામાં આવેલું છે.

વેદકાળથી પ્રચલિત પરંપરાનો ઉલ્લેખ ઋગ્વેદ અને અથર્વવેદમાં મળે છે.ઋગ્વેદમાં મળતો 'પુરાણ' શબ્દ પ્રાચીનતાનો દ્યોતક છે, જ્યારે અથર્વવેદમાં પ્રયુક્ત થયેલ 'પુરાણ' અને 'પુરાણવિત' શબ્દથી ચતુર્વેદની સાથે જ તેનો ઉદભવ થયેલ બતાવ્યો છે. નયનગોચર નથી તેવી ભૂમિને જોવાવાળા જ્ઞાની પુરુષને 'પુરાણવિત' સંજ્ઞા અપાઇ છે. જેવી રીતે સૂર્યની ગરમી પથ્થરાદિમાં ઘણા સમય સુધી ગરમ રહે છે, તેવી રીતે મૂળતત્ત્વ માંથી જ સર્વ વિદ્યાઓની ઉત્પતિ થઇ છે.

વેદ વિદ્યા આપણાથી પ્રતિકૂળ પ્રકૃતિના નિયમોને અનુકૂળ થવાની રીત શીખવે છે, જ્યારે પુરાણવિદ્યા પ્રવૃતિ જે નિયમથી કામ કરે છે. અથર્વવેદમાં પ્રયોજાયેલ 'પુરાણ' શબ્દ પ્રયોગ વૈદિક સૃષ્ટિવિદ્યા વિષયક મંત્રો અને તેના સૂક્તોનું નિર્દેશન કરે છે.અથર્વવેદમાં 'પુરાણ' શબ્દ ગાથા,ઇતિહાસ,નરાસંશ શબ્દો સાથે પ્રયોજાયો છે. એટલું જ નહિં તેની ઉત્પત્તિ 'ઉચ્છિષ' સંજ્ઞક બ્રહ્મમાંથી દર્શાવાઇ છે.

ગોપથ બ્રાહ્મણ ઇતિહાસ અને પુરાણના ભિન્ન-ભિન્ન ઉલ્લેખ પ્રાપ્ત થાય છે, જ્યારે શતપથ બ્રાહ્મણમાં 'ઇતિહાસ-પુરાણ'નું સંમિલિત સ્વરૂપ મળે છે. આ બ્રાહ્મણ યુગથી જ ઇતિહાસ અને પુરાણ વચ્ચેની બારીક સીમા રેખા જોવા મળતી. ગોપથ બ્રાહ્મણે પાંચ વેદોની ઉત્પતિની વાત બતાવી છે.જેમાં 'ઇતિહાસ-વેદ' નો સંબંધ '**उदीची**' (ઉત્તર) દિશાની સાથે છે. અને 'પુરાણ- વેદ'નો સંબંધ 'ધ્રુવા' એટલે પગથી ઠીક નીચેવાળી દિશા તથા 'ઉર્વા' એટલે મસ્તકથી ઠીક ઉપરવાળી દિશા સાથે છે. (ગોપથ બ્રાહ્મણ પૂર્વભાગ-૧/૧૦)

બ્રાહ્મણોના જ અંતિમ આરણ્યક અને ઉપનિષદ છે.શ્રુતિના આ અંશમાં પણ પુરાણ તથા ઇતિહાસના ઉલ્લેખ થયેલા જોવા મળે છે. આરણ્યક યુગમાં તૈતરીય આરણ્યકમાં બ્રહ્મયજ્ઞનાં પ્રસંગે પુરાણનો બહુવચનમાં ઉલ્લેખ છે. જેમ ભીના લાકડાં સળગાવતાં ધમાળો નિકળે છે તેમ પરમેશ્વરના નિઃશ્વાસમાંથી ઋગ્વેદાદિ તથા ઇતિહાસ-પુરાણ સરી પડયા છે. બૃહદારણ્યક ઉપનિષદે પુરાણને વેદની જેમ જ પરમેશ્વરને નિઃશ્વસ્તિ માને છે.તો વળી નારદમુનિ છાંદોગ્ય

ઉપનિષદમા પુરાણને 'પંચમવેદ' કહી વેદની હરોળમાં મુકે છે. તેથી પણ વેદની સમાન જ પુરાણ પણ નિત્ય છે એટલુ જ નહી પણ સુત્ર સાહિત્યમાં પણ પુરાણને મહત્વ અપાયુ છે.

આમ, બ્રહ્માના મુખમાંથી પુરાણની ઉત્પતિ બતાવી છે. વેદો કરતા પણ પુરાણની રચના પ્રાચીન છે. એવી મત્સ્યપુરાણની પોતાની વિશિષ્ટ કલ્પના છે. **पुराणं सर्व शास्त्राणां प्रथम ब्रह्मणा स्मृतम् । अनन्तरं च वक्त्रेभ्यो वेदास्तस्य विनिर्गताः ॥** ( मत्स्यपुराण - ५३/३ )

પુરાણના વિકાસ પર એક નજર કરીએ તો તે અનેક રીતે તથા વિભિન્ન તબક્કાઓમાં થયેલો જણાય છે. પ્રથમ તબક્કાઓમાં પ્રાચીન કથાઓ વૈદિક સાહિત્યમાં તેમજ સૃષ્ટિ વિવરણના રૂપમાં પુરાણ શબ્દનો પ્રયોગ અનેક મંત્રોમાં થયો છે. દા.ત. ઋગ્વેદ મં.-३-५४-९ અને ઋગ્વેદ મ.-१०-२३०-५ માં મંત્રમાં જોઇ શકાય છે. અથર્વવેદના કથન મુજબ ચારેય વેદોની સાથે પુરાણની ઉત્પતિ થઇ (અથર્વવેદ –૧૧-૭-૪) અર્થશાસ્ત્ર પર આધારિત 'શુક્રનીતિ'માં પુરાણનું મહત્વ સ્વીકાર્યું છે.એમાં પૌરાણિકનું જે લક્ષણ આપ્યું છે તે વિસ્તૃત છે જેમ ક -

**साहित्यशास्त्रनिपुणः संगीतश्च सुस्वरः ।**

**सर्गादिपग्ज्ञाता च स वै पौराणिक स्मृतम् ॥** (शुक्रनीति -२/ १७८)

અર્થાત પૌરાણિક પંચલક્ષણના જ્ઞાતા ઉપરાંત સાહિત્ય શાસ્ત્રમાં નિરૂપણ સંગીતના જાણકાર તથા કોમલ સ્વરવાળા થવું જોઇએ.

આમ, પરાશર વ્યાસ અને શુકદેવ (વેદવ્યાસના તત્ત્વજ્ઞાની પુત્ર) એ ત્રણની શિષ્યપેઢીમાં થયેલા મુનિઓએ પુરાણના પ્રણયન અને પ્રચારમાં પોતાની શક્તિઓ લગાવી. અને પુરાણોને વિભાજીત કરવાનું ગૌરવ વ્યાસ દેવ ને જાય છે.આમ વર્તમાન પુરાણને સંપૂર્ણતઃ વિકસાવવાનું શ્રેય આ ત્રણ મુનિઓના ફાળે છે એમાં શંકાને સ્થાન નથી.

**અઢાર પુરાણોનું વર્ગીકરણ**

| ક્રમ | પુરાણનું નામ | અધ્યાય-સ્કંધની સંખ્યા | શ્લોકોની સંખ્યા | મહત્વ |
|---|---|---|---|---|
| ૧ | બ્રહ્મપુરાણ | ૨૪૫ | ૭૦૦ | યોગ, ધ્યાન અને કૃષ્ણ ચરિતનો ઉપદેશ. |
| ૨ | પદ્મપુરાણ | ૬૪૧ | ૫૫૦૦૦ | ભૌગોલિક અને સાંસ્કૃતિક મહત્વ. |
| ૩ | વિષ્ણુ પુરાણ | ૧૨૬ | ----- | ભક્તિનું નિરૂપણ. |
| ૪ | વાયુ પુરાણ | ૧૧૧ | ૧૧૦૦૦ | શિવ ભક્તિ માહાત્મ્ય |
| ૫ | ભાગવત પુરાણ | ૧૨- સ્કંધ | ૧૮૦૦૦ | વિષ્ણુંના અન્ય અવતારોની કથાનું મહત્વ. |
| ૬ | નારદ પુરાણ | ૨૦૭ | ૨૫૦૦૦ | દેવતાઓના વિધિસહિત મંત્રોનું નિરૂપણ. |

| | | | | |
|---|---|---|---|---|
| ૭ | માર્કંડેય પુરાણ | ૧૩૩ | ૯૦૦૦ | કર્મયોગ અને જ્ઞાનયોગનો સમન્વય માટે |
| ૮ | અગ્નિ પુરાણ | ૩૮૩ | ૧૬૦૦૦ | અનેક વિદ્યાઓ અનેક અવતારની કથાઓનું નિરૂપણ |
| ૯ | ભવિષ્ય પુરાણ | ૬૦૫ | ૧૪૫૦૦ | રાજ વંશની દ્રષ્ટિએ |
| ૧૦ | બ્રહ્મવૈવર્ત પુરાણ | ૨૬૬ | ૧૮૦૦૦ | કૃષ્ણ ચરિત્ર |
| ૧૧ | લિંગ પુરાણ | ૧૬૩ | ૧૧૦૦૦ | શિવઅવતારો અને લિંગ પૂજાનું માહાત્મ્ય |
| ૧૨ | વરાહ પુરાણ | ૨૧૮ | ૨૪૦૦૦ | દશ અવતારોની લીલાઓનું નિરુપણ |
| ૧૩ | સ્કંદ પુરાણ | ૧૬૭૧ | ૮૧૧૦૨ | તીર્થ માહાત્મ્યો |
| ૧૪ | વામન પુરાણ | ૯૫ | ૧૦૦૦૦ | શિવ માહાત્મ્યો અને ચરિત્ર વગેરે ગુણો |
| ૧૫ | કૂર્મ પુરાણ | ૯૯ | ૬૦૦૦ | બ્રહ્મા,વિષ્ણું,મહેશના અભેદ દર્શન |
| ૧૬ | મત્સ્ય પુરાણ | ૨૯૧ | ૧૪૦૦૦ | વંશ,વિદ્યા, અને જૈનધર્મ પ્રચાર |
| ૧૭ | ગરુડ પુરાણ | ૩૧૮ | ૧૯૦૦૦ | દાન,દેહ ત્યાગ,મરણોત્તર ક્રિયા |
| ૧૮ | બ્રહ્માંડ પુરાણ | ૧૬૧ | ૧૨૨૦૦ | ભૂગોળ,ખગોળ અને ઇતિહાસની દ્રષ્ટિએ |

**ગરુડ પુરાણ**

સમગ્ર પુરાણોમાં આજે ભારતીય સંસ્કૃતિમાં મનુષ્ય જાતિને ધર્મનું સંસ્કરણ કરવા માટે ઉપયોગી એવું આ મહત્વનું પુરાણ બની રહયું છે.જેના પૂર્વખંડના ૨૪૦ અને ઉત્તરખંડના ૭૮ મળી કુલ-૩૧૮ અધ્યાયોમાં વિભક્ત પુરાણમાં કુલ ૧૮૦૦૦ શ્લોકો આવેલા છે.જેનો ઉત્તરખંડ પ્રેતકલ્પ તરીકે ઓળખાય છે.જેમાં આતુરકાળ,આતુરકાલીન દાન, દેહત્યાગ,પરલોકમાં પ્રેતની સ્થિતિ અને મરણોત્તર ક્રિયાઓ તેના પ્રધાન વિષયો છે.

આ પુરાણમાં ભગવાન વિષ્ણુએ ગરુડને વિશ્વની સૃષ્ટિ બતાવી હતી. માટે આનું નામ 'ગરુડપુરાણ' પડયું. જેના બે ખંડો પૂર્વ અને ઉત્તર આવેલા છે.પૂર્વખંડમાં ઉપયોગી અનેક વિદ્યાઓનું વિસ્તૃત વર્ણન છે. આના એક અંશમાં અલગ-અલગ પ્રકારના રત્નોની પરીક્ષા છે.(અ.૬૯-૮૦) રાજનીતિનું વર્ણન પણ ઘણા વિસ્તારથી અ.-૧૦૮ થી ૧૧૫ સુધી મળે છે.તેમાં આયુર્વેદ વિષયક ચર્ચા પણ કરવામાં આવી છે અનેક પ્રકારના રોગોને દૂર કરવાની ઔષધવ્યવસ્થા પણ અહીં અધ્યાય-૧૭૦ થી ૧૯૬ સુધી કરી છંદશાસ્ત્રના વિષયમાં છ અધ્યાય ( ૧૧૧ થી ૧૧૬) મળે છે. અહીં સાંખ્યયોગનું પણ અહીં વર્ણન છે.તેમજ અધ્યાય- ૨૪૨ માં શ્રીમદ ભગવદગીતાનો સારાંશ પણ વર્ણવેલો છે.આ પ્રમાણે ગરુડપુરાણનો આ પૂર્વભાગ અગ્નિપુરાણની જેમ જ સમસ્ત વિદ્યાઓનો વિશ્વકોષ કહેવામાં આવે તો અનુચિત નથી. જ્યારે ઉત્તરખંડને 'પ્રેતકલ્પ' કહેવામાં આવે છે.જેમાં ૪૫ અધ્યાય છે.મૃત્યુ પછી મૃત્યુની શી ગતિ થાય છે ? તે કઇ યોનિમાં ઉત્પન્ન થાય છે તથા કેવા કેવા ભોગો ભોગવે છે ? તેનું વર્ણન જોવા મળે છે.આ ઉતરખંડનું જર્મન ભાષામાં પણ અનુવાદ થયું છે.તેથી મનુષ્ય જાતિ માટે મહત્વનું પુરાણ બની રહયું છે.

'ગરુડપુરાણ' એ વૈષ્ણવ ઉપાસના વિષયક ગ્રંથ છે. અર્થાત ગરુડપુરાણનો સમાવેશ વૈષ્ણવ સંપ્રદાયમાં થયો છે.જેમાં ગરુડપુરાણના વિષ્ણુના અન્ય અવતારોની ઉપાસના બતાવી છે.ભગવાન વિષ્ણુની પૂજા-વિધિ,તેની ભક્તિનું માહાત્મ્ય બતાવવામાં આવેલું છે.

**ધાર્મિક ક્રિયાઓ**

પૂજા વિધિઃ- બ્રહ્મા કહે છે કે હું મુક્તિ-ભુક્તિ પ્રદાયક આ શ્રેષ્ઠ પૂજાનું વર્ણન કરીશ જેમ કે - વ્રતીએ સૌ પ્રથમ સામાન્ય પૂજા મંડળનું નિર્માણ કરીને દ્વારથી તેમની પૂજાનો આરંભ કરવો જોઇએ. તેની સાથે ધાતા,વિધાતા તથા મહાનદી ગંગા-યમુનાની પૂજા કરવી જોઇએ. ત્યાર બાદ ત્યાજ શ્રી,દંડ,પ્રચંડ તથા વાસ્તુ પુરુષની પૂજા કરીને મધ્યભાગમાં આધારશક્તિ,કૂર્મદેવ અને અનંતની પૂજા કરવી જોઇએ ત્યાર બાદ પૃથ્વી, ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, ઐશ્વર્ય,અધર્મ,અજ્ઞાન,અવૈરાગ્ય,અનૈશ્વર્યની પૂજા કન્દ,નાલ,પદ્મ,કર્ણિકા વગેરે ભાગો ઉપર પૂજા કરવી જોઇએ.ત્યાર પછી સત્વ,રજસ અને તમસ ગુણોની પૂજા કરીને વ્રતીએ યથાવિધિ સૂર્યાદિ ગ્રહમંડળોની તથા વિમલાદિ શક્તિોની પૂજા કરવી જોઇએ. ત્યાર બાદ મંડળના કાણભાગમાં દુર્ગા,ગણેશ,સરસ્વતી અને ક્ષેત્રપાલ દેવની પૂજા કરવી જોઇએ.

જે મનુષ્ય આ વિધિ અનુસાર એકવાર પણ ભગવાન વિષ્ણુની પૂજા કરે છે તે મહાત્માનો જન્મ આ ભવ (સંસાર) માં થતો નથા.(ગરુડપુરાણ અ.-૧૨૯). આ ઉપરાંત તેમાં માહશ્વરી પૂજન, સાંવત્સરિક પૂજા,લિંગ ઉપાસના,લક્ષ્મી પૂજન,ગાયત્રી પૂજન,માહેશ્વરી પૂજન, સૂર્યપૂજા, વાસ્તુપૂજન વિધિ,પ્રતિષ્ઠા વિધિ, નિત્ય ક્રિયાવિધિ,સૂતકવિધિ-ઉત્તરક્રિયા,નક્ષત્ર વિધિઓ,ગ્રહશાન્તિવિધિ, રાશિવિધિઓ, રત્નપરિક્ષાવિધિઓ વગેરે ધાર્મિકક્રિયાઓનું વિષદ વર્ણન કરવામાં આવ્યું છે.

ઉપરોક્ત કેટલીક ધાર્મિક ક્રિયાઓ પૈકી સૂતકવિધિ-ઉત્તરક્રિયા બાબતે ગરુડપુરાણમાં ભગવાન હરિ કહે છે : એ ઔર્ધ્વ દૈહિક ક્રિયા કે મરણ પછીની ઉતરક્રિયાને હું કહું છું તે સાંભળો-"મોહેચ્છુ મનુષ્યોએ તો ઉત્તરક્રિયા પોતાના જ હાથે કરવા જોઇએ જ્યારે કોઇ સ્ત્રીને પાંચ વર્ષનું બાળક મરણ પામે તો તેનું પ્રેતપણું અટકાવવા માટે વિશેષકરીને વાછરડાનું દાન કરવું જોઇએ. જે મનુષ્ય જીવતો હોય ત્યારે કે પોતે મર્યા પછી પણ તેના સબંધિઓ વગેરેની પાછળ તેને ઉદ્દેશીને વૃષોત્સર્ગ રૂપ વાછરડાનું દાન કરાવે તો મરેલાને પ્રેતપણું મળતું નથી. વૃષોત્સર્ગ ક્રિયા સિવાયબીજા કોઇ દાનો કે યજ્ઞો પ્રેતીપણું છોડાવી સકતાં નથી.

જે મનુષ્ય વૃષોત્સર્ગ ક્રિયા કર્યા વિના જ પિંડ કે પિંડદાન કરે તા તેનું પૂણ્યકર્મ તે મરનારને તથા મરેલાને ઉદ્દેશીને કર્મ કરનારને પણ પ્રાપ્ત થતું નથી. એમ તે વૃષોત્સર્ગ ક્રિયા વિના તે મરનારને ઉદ્દશીને જે કંઇ આપ્યું હોય તે બધું જ નિષ્ફળ જાય છે. એ કારણે મરેલાને ઉદ્દેશીને વૃષોત્સર્ગ ક્રિયા વિના જે કંઇ કરાય છે તેથી તેનું પ્રેતપણું દુર થતું નથી.

જેનો પુત્ર હયાત ન હોય કે જેને પુત્ર થયો ન હોય એવા લોકોને સદગતી મળતી નથી. માટે કોઇ પણ પ્રકારે પુત્રોત્પત્તિથાય એવા પ્રયત્નો કરવા જોઇએ. વળી જે પુરુષને પુત્ર હોય કે પુત્ર ન હોય તે હરકોઇ પુરુષ કે સ્ત્રી અથવા કોઇ પણ વ્યક્તિ પોતે જીવતાં જ પોતાની ઉત્તરક્રિયા જો કરી લે તો મરણ પછી અક્ષય ફળની પ્રાપ્તિ થાય છે.વળી હરકોઇ મનુષ્યે પોતે જાતે જ જે દાનો આપ્યા હોય તે બધાંય તેની આગળ સર્વ કાળ હાજર રહયા કરે છે જેથી તે માણસ આ લોકમાં કે પરલોકમાં પણ કદી દુઃખી થતો નથી.વળી જે મનુષ્યે જે જે વ્યંજનો કે દાળ-શાકાદિ પદાર્થો તથા જાતજાતના ભક્ષ્યો કે ભોજ્ય પદાર્થો પોતાના હાથે પોતાની જાતે દાનરૂપે આપ્યાં હોય તે બધા જ મરણ પછી ફળ આપનારાં છે. આમ દાનનો ધર્મ કરી લેવો જોઇએ. કારણ કે મરણ પછી જેની પાછળ શાસ્ત્રીય

વિધિ સમાપ્ત થયેલ નહોય તે કીડો-પતંગીયા રૂપે જન્મે છે, અને મરણ પામ્યા કરે છ,જેની પાછળ શાસ્ત્રીય ઉત્તરક્રિયા થયેલ ન હોય એવા પ્રેતાત્મા કોઇ અસતદુષ્ટ ગર્ભમાં વસે છે અને ત્યાં પણ જન્મીને તરતજ વિનાશ પામ્યા જ કરે છે.

આમ ૧૮ પુરાણો પૈકી 'ગરુડપુરાણ'માં ભગવાન વિષ્ણુંના અનેક અવતારો અને તેનું મહાત્મ્ય-ભક્તિ-ક્રિયાઓનું વિષદ વર્ણન બ્રહ્માના સ્વમુખે સંવાદ ઉચ્ચારણ દ્વારા કહેવામાં આવ્યું જેના 'શ્રીમદભાગવત', 'ભગવદગીતા' કે અન્ય શાસ્ત્રોક્ત ગ્રંથોએ,બ્રાહ્મણ ગ્રંથો, ઉપનિષદો વગેરેએ પણ ઉલ્લેખ કર્યો છે જે તેનું પ્રમાણ છે જેમાં બે મત નથી.

## સંદર્ભ સૂચિ

१. अग्निपुराण- संपादक डो. राजेन्द्रनाथ शर्मा-नाग पब्लिशर्स- जवाहरनगर दिल्ली-७

२. गरुडपुराणः - पंडित रामतेज पांडेय . चौखम्बा विद्याभवन-वाराणसी. १९८६

३. देवी भ़ागवतः - नाग पब्लिशर्स- जवाहरनगर दिल्ली-७ -१९८४

४. The Vedic Mythology : A.A. Macdonal.

૫. પૌરાણિક કથાકોશ : બેરિસ્ટર ડાહ્યાભાઇ દેરાસરી,ગ્રંથ લોક,ગાંધીરોડ,અમદાવાદ. બીજી આવૃત્તિ-૧૯૮૮.

૬. ગરુડપુરાણ – એક અધ્યયન. ડો.અવધ બિહારી લાલ અવસ્થી.કૈલાસ પ્રકાશન-લખનૌ.૧૯૬૮.

૭. ગરુડપુરાણ : ક્ષેમરાજ શ્રીકૃષ્ણરાજ દ્વારા પ્રકાશિત, મુંબઇ -૧૯૬૬.

૮.શ્રીમદ દેવી ભાગવત : શ્રી શાંતિલાલ જાની,લાભ ચેમ્બર્સ,મ્યુ.કોર્પો. રાજકોટ.૧૯૯૩.